**સેશન્સ કેસ નં.૨૧/૨૦૨૧**

**<u>આંક–૧૩૦ તળે હુકમ :</u>**

૧. હાલની અરજી, સ્પે.પી.પી.તરફે આપવામાં આવેલ છે તેમજ આંક–૯ થી તેઓ તરફથી જે લીસ્ટ રજુ કરવામાં આવેલ છે તેના અનુક્રમ નં.૧૫ તથા આંક–૧૨૬ ના લીસ્ટમાં રજુ ક્રમાંક નં.૧, ૭૩, ૭૪ ના દસ્તાવેજોને આંક આપી પુરાવામાં વંચાણે લેવા રજુઆત કરેલી છે. તેઓએ જણાવેલ છે કે, સદર કામમાં પ્રાથમિક તપાસ કરવામાં આવેલ છે અને વિગતવારના લાગતા વળગતા લોકોના નિવેદનો લેવા, વૈજ્ઞાનિક પુરાવા એકત્રીત કરવા, ખાનગી બાતમીદારો મારફતે પણ તપાસ કરવા વિગેરે મતલબનો હુકમ થયેલ હતો જેથી આંક–૯ ના લીસ્ટમાં રજુ કરવામાં આવેલ અનુ.નં.૧૫ ના દસ્તાવેજ તથા આંક–૧૨૬ ના લીસ્ટમાં રજુ ક્રમાંક નં.૧, ૭૩, ૭૪ ના દસ્તાવેજો નિવેદનોને આંક આપી પુરાવામાં વંચાણે લેવા માટે વિનંતી કરેલી છે.

૨. આરોપીઓના વિ.વ.શ્રીએ દલીલ કરતા જણાવેલ છે કે, ભારતીય પુરાવા અધિનિયમ મુજબ ખાનગી તપાસ જે થયેલ હોય તે નિવેદનોના દસ્તાવેજોને આંકે પાડી શકાય નહીં તેમજ જે સાહેદોએ નિવેદનો આપેલા છે તેઓ તમામને આ કામમાં સાહેદ તરીકે દર્શાવવામાં આવેલ જ છે જેથી કોર્ટ રૂબરૂ પણ તેમની સર તપાસ તેમજ ઉલટ તપાસ કરવામાં આવનાર છે જેથી સાહેદોના નિવેદનોને બારોબાર આંકે પાડી પુરાવામાં વંચાણે લઇ શકાય નહીં તેથી સદર અરજી નામંજુર કરવા માટે રજુઆત કરેલી છે.

૩. અરજી સંદર્ભે સ્પે.પી.પી. તથા આરોપીઓના વિ.વ.શ્રીને સાંભળ્યા, આ કામે રજુ થયેલ હકીકતો ધ્યાનમાં લેતાં જણાય છે કે, સ્પે.પી.પી. તરફથી જે દસ્તાવેજોને / નિવેદનોને આંકે પડાવવા માટે રજુઆત કરવામાં આવેલ છે, તે તમામ સાહેદોને આ કામમાં સાહેદ તરીકે દર્શાવવામાં આવેલ છે અને તેઓની સર તપાસ કરવામાં આવનાર છે તેમજ બચાવ પક્ષને તેની ઉલટ તપાસ કરવાની પણ તક મળી રહે તેમ છે તેવા સંજોગોમાં હાલના તબકકે સાહેદોને તપાસ્યા વગર પ્રાથમિક ઇન્કવાયરી જે પોલીસ અધિકારી ધ્વારા ચાર્જશીટ દાખલ કરતા અગાઉ કરવામાં આવેલ છે તે નિવેદનોને બારોબાર આંકે પાડી શકાય નહીં. વધુમાં સ્પે.પી.પી. જે સાહેદોના નિવેદનોને આંકે પડાવવા માંગતા હોય તેઓને તપાસવા માટે કોર્ટ રૂબરૂ અરજી કરી શકે તેમ છે અને કોર્ટ રૂબરૂ તેમને તપાસવામાં આવ્યા બાદ

બચાવ પક્ષને તેની ઉલટ તપાસ કરવાની જરૂરી તક મળે તેમ હોય તે સાહેદોના નિવેદનોને બારોબાર અંકે પાડવા માટે કોઇ યોગ્ય અને ન્યાયીક કારણ જણાતું નથી. વધુમાં ફરીયાદ પક્ષ તરફથી તમામ કાગળો, દસ્તાવેજી પુરાવા બચાવ પક્ષને આપવામાં આવેલ છે અને તેમાં તમામ નિવેદનો હોવાનું પણ પ્રથમ દર્શનીય રીતે જણાય છે તેમજ આંક–૧૩૦ ની અરજીમાં જે સાહેદોના નિવેદનોને અંકે પાડવા બાબતે જણાવવામાં આવેલ છે તેને ચાર્જશીટમાં સાહેદો તરીકે પણ દર્શાવવામાં આવેલ છે જેથી ફરીયાદ  પક્ષની સદર અરજી મંજુર કરવાપાત્ર જણાતી ન હોય ન્યાયના હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>// હુકમ //</u>**

- સ્પે.પી.પી.ની હાલની આંક–૧૩૦ ની અરજી નામંજુર યાને કે રદ્દ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તા.૩૦/૦૬/૨૦૨૫
વડોદરા

**(વિકુલ કનુપ્રસાદ પાઠક)**
સત્ર ન્યાયાધિશ
વડોદરા
કોડ નં.જીજે ૦૦૪૬૮